સુરતની મોટી આગનું

તોફાન

રચનાર—વ્યાસ બાપાલાલ પ્રભાશંકર

છપાવી પ્રસીધ્ધ કરનાર. નીલાંબરદાસ [illegible]

માસતર સુરત [illegible].

દોહરો.

બંધુનો બાંચો પ્રેમથી, અગ્નિનો આ હાલ;
પારેખાલ સુરત થયું, કહેછે બાપાલાલ.

સુરત.

"[illegible]" પ્રેસ

એમ. જે. પોખવાલા નં. ૨૧૫૮—સુરત.

સંવત ૧૯૪૫. સને ૧૮૮૯.

કિંમત ૨ આના.

સુરતની મોટી આગનુ તોફાન.



જેડા બાઈ બુડતો તારેરે એબેઆઈ પાર ઉતારેરે.

રાગ પરજ.

અરેરે અગ્નિએ અણુઘટતું કીધુંરે, લોકોને દુઃખજ દીધુંરે (ટેક)'
સવત (૧૯૪૫) ઓગણી પીસતાળીસે સુંદર અષ્ટતર માસ
શુદ (૬) છઠને શનીવારે પડાવ્યો લોકને ત્રાસરે. અ૦
અરાધના ઇશ્વરની કરીને સારદા વસજો મુખ
સુરત સહેગ્નની રચતને માંપે દુનિઆને પ્રગટું દુઃખ. અ૦
સને અરાઢ નેવાસીની સાલે એપ્રેલ મહીનો કહેવાય
તારીખ છઠીએ અગ્નિમા કાપ્યા લોકો, મુખે બોલે હાય હાય. અ૦
બાગોળ ઉપર કારપીટીઆની દુકાને અનગળ માલ
તાંહાથી અગ્નિ પહેલો સળગ્યો સહુ બની ગઆ બેહાલ. અ૦
સાગના લાકડા શરર સળગ્યા તેના ભડકા ઘણેરા થાય
ડામર ભરેલો સળગી ઉઠ્યો ત્યારે હવાએ લાગી જાય. અ૦
એટામાં બુમરાણ પડુછે બાગોળ ઉપર સાર
કારપીટીઆનો કારખાનું સળગ્યો એમ પડયા પોકાર. અ૦
પછી પોલીસને ખબર પડી તે આવી તેને ઠાર
તેની પુઠે બંબાવાળા તરત થયા તઇયાર. અ૦
બંબા આવ્યા પાણી લાવ્યા છાંટવાની કીધી બહુ પેર
આગને પાણી અડકે નહી પછી સળગવામાંડી ખેર. અ૦
તાર પછીતો સામીઓળે જઇને લાગી ઝાળ
એકદમ તે સળગી ઉઠી ત્યારે પડી પેટમા ફાળ. અ૦
એટલામાં પવન નીકળ્યો જણાચીને જોર

સામી ઝાળ આવવા લાગી ત્યારે લોકો પાડે પોકાર. અ૦
ત્યારે સહુલોકો આભા ધરાયા ભાઈ હવે વલે શી થશે
અહીં આ પાણીનું જોર નથી આ ઝાળ બધી બળી જશે. અ૦
ત્યાર પછીતો અગ્નિઓ ફેલાયો અપરમપાર
તેની જોડે પવનતો વળી તરત થયો તઈયાર અ૦
પુરવ પશ્ચિમ ઉત્તર દક્ષિણ લાગી ઝાળા ઝોળ
લોકો ઘરમાં જઈ સામાન બાંધે ને કરતા ગોળા ગોળ. અ૦
ગોળામાં ખુશાલવાડમાંથી નીકળી બીજી આગ
ત્યારે કોઈ કહે કે આગ હવે જેલવાય તે લઈ ભાગ. અ૦
પછી કોઠીવાળા પાણીવાળા સહુ કરતા દોડાદોડ
ઘણાછે ફાયરહાર નાળવાળાને જે ન મળે જેની જોડ. અ૦
જે માલ તણાઈ ગયા ના આવે તે કહીને તમે જાણો
અગ્નિનું તો જોર ઘણું જે બાર જઈ સુખીઆ થાઓ. અ૦
ત્યારે લોકો નીકળીયા ઘરથી ગયા દરવાજા બહાર
કંઈક બીચારા છાતી કુટે કંઈને આંખે આંસુની ધાર અ૦
પછી ખંગડીવાડને કાંસકીવાડમાં પેઠો અગ્ની અપાર
ત્યાંથી લોકો જાયછે નાહસી કહો કહોની કરે ભાઈ વહાર અ૦
દબગડ વાડનો ઘેંશીવાળાને નીકલ્યો ઉભે બજાર
પોલીસ લોકોનો પેહરો ત્યાપાકો નવ વધવા દીધો લગાર. અ૦
દકાળ પોળની દશામાંથી આગ મસીદીઆસેરી સાર
શ્રાવકનું દેરું ત્યાં પકડી સુખડીઆસેરી થયો તઇયાર. અ૦
ત્યાંથી નીકળી હરીપરામાં અગ્નિમાતા ઝટ
આ બોળને સામી બોળનાં લીધા બંને પટ. અ૦

...પરામાં દુશ્મનબાઇએ કીધી છે બહુ પેર
...કા કુવા ઉઘડાવીને, પાણી આપ્યા ઠેરઠેર. અ૦
...વંતા ડાક્ટર ગવરીશંકર જેને ગાલી હૃદયે હામ
...છે એમની બુધ્ધીને જે કરતાં પરમારથ કામ. અ૦
... ગોળવાલાને ચકલે થઈને આગ ગઇ પે.બી સેરી
...બ ગુરખા ત્યાં રહેતા તા તે સઉને લીધા. પેરી. અ૦
ત્યાંથી મળીફળીઊ લીધુ લીધુ દાદા સાહેબનું દેહેરૂં
ત્યાં આગળ પાંચ ઘર બચ્યાછે ને આગળ પાછળ ઘેર્યું. અ૦
ઘાંચીસેરી રૂવાળાનો ટેકરો સારને કીધો સાફ
કંઇક પ્રભુની સ્તુતી કરતાં કંઇક માગેછે માફ. અ૦
પારશીશેરી પ્રાન્જે કરી આગ ચાલી કાપડ બજાર
કાપડીઆ લોકો માલ કહાડે કઇના આંખે આંસુની ધાર. અ૦
પરતાગીયાને સુખડીઆ સરવે કરેરે કલ્પાંત
અરેરે પ્રભુ આ સુરે થવાનું કંઇક પમાડો શાંત. અ૦
હવે બુધેનાવાડનાં આગમાતાએ વરતાવ્યો કાળોકેર
ગાડીવાળાના મકાન ઘાંચકુ બાળ્યા ઠેરે ઠેર અ૦
હવે દાલીઆ શેરીનું નાકું મોતીરામની દુકાન
જ્યારે હાર એપકડી ત્યારે કઇક બન્યા બેભાન. અ૦
ત્યાંથી કંસારા લોકોને દીધો અગ્નિમાતાએ માર
રંગરેજનેતો રોલા કરી કરયા ગાંઘીને તારોતાર. અ૦
ચોકસી લોકોને ચીસ પડાવીને નેસ્તી તાં બાજ્યારે હાટ
પંચોળીને પકડી લીધા કંઇક રડેછે છાતી ફાટ અ૦
એમ ચાર દીસાએ અગ્નિમાતાએ કરયુ લંકા જેવું કામ
...ઘની આંખે આંસુ ચાલે કંઇકને સુઝેછે રામ. અ૦

જબરજસ્તખાંનો જશાબણો જેને કર્યા રઇયતનાં કામ
આગ વખત મેહેનત બહુ લીધી જેને વધારયું આબરૂનું નામ અ૦
ગરીબ પ્રજાની વારે ચડીયા ઘરના કારેગર
પરસેવાની ધારીઓ છુટે તે નવ ગણે લગાર. અ૦
કંપનીના બાળક એક બે દીવસ, પામ્યા ન પારાવાર અન
વસ્તીના રસ્તાનું રૂપ એવામે લાગ્યુ ભયંકર વન અ૦
ઘાંચી ગાંધી ને ગોળવાળા, કીરે ખલાટ સુતાર
સોની ચોકસી દરજી કણીએ પકડી લીધા લુહાર. અ૦
મુસલમાન ગરીબ ઘણાને કાએમ ન રહ્યું કંઇ
હાથમાં ગાંસડીઓ લઇને નાસે જયાં જેની નજર ગઇ અ૦
શોક ધરી કંઇ ઘરના લોકો રડીઆ મુકીને પોક
ધામે ભાગ્યા હામે ભાગ્યા ગામથી જાગ્યા કોક અ૦
બરાનપોરી ભાગોળે વ્યાસા લોક કરે ઉચાટ
ગરીબતો ગભરાઇને બોલે આસો સાહેરમાં બળીઓ દાટ અ૦
ઇમારતો કંઇ ઉંચી હવેલીઓ મોટલાવાળી અપાર
તમામ પ્રલે થઇ કરીને પડીછે ઢારેહાર. અ૦
કંઇના બળીઆ વળીઆ નળીઆં મળીઆ માણસની પેર
દઇવેદાવો દુનિયા પર કાપ્યો કયાં વરસનું વાળ્યું આંતેર. અ૦
જહાં જુએ ત્યાં અગ્નિદેવે ફટકારે પડે ફાળ
કહાં જઇને હવે નાહશી જઇસુ થાસે પ્રતિહકાર. અ૦
વહાણના જેવાં પેટી પેટારાં તાળા દીધેલા તહીં
તે સરવેતો બળવા લાગ્યા અગ્નિકેરમહી. અ૦
માલ લોકોના ભારેભાર અગ્નિમાં બળી જાય
જેહે વ્યાકુળ થઇ બુમો પાડે નજરે નવ જોવાય. અ૦

સુપ્રીટેન્ડેન્ટ સાહેબ જે સારા જેણે મહેનત લીધી બહુ
કલેક્ટર સાહેબ અહીં મળે નહી હું મુખેથી શું કહું. અ૦
ચારે વાગડોના મેમ્બર કહીએ પાણી સારૂ કરે દોડા દોડ
કમેટીના કામમાં થઈ બેસે ત્યાં કરતાં માથા ફોડ. અ૦
વેહેપારી વીધવીધના રોવા થયું જગતમાં જાણ,
કાઇને સાજા નથી રાખ્યા ગરીબનો વાળ્યો ઘાણ અ૦
સેહેર મધે સુખમા નવ સુતા નાહાના મોટા કોઈ
આ બળતું ભાઇ અધયાં આવ્યું એમ રઇયત સરવે રોઇ અ૦
ભાગોળ ઉપર ચારે દીસાયે એમ બળી રહ્યુ ભરપુર
વેપારી લોકો વલવલ કરતાં નીરખી જોયા નુર અ૦
મ્યુનિસિપાલટીનાં માણસ મોટા જેની જુગમાં નહી જોડ
આગ વખત મેહેનત બહુ કરતાં જેમાં નહી ખાંપણુ નહી ખોડ અ૦
હરીભાઇ ચારેપાસે ફરતા પોલીસનું પાકુ જોર
આગમાં કોઇને જવા નવ દેતા ચટ દેઇ પકડે ચોર અ૦
ડીપોટી દીલના બહુ દાહયા લીધી રઇયતની તપાસ
આગ ઘણી ભયંકર જોઇ તે પણ પામ્યા ત્રાસ અ૦
કોઈ કપાલે કરદેઇ બેઠા રોઈ રોઈ કહાડી રાત
અ સરે પચીશ વરખાલ્યા પછે થયો પરભાત અ૦
ભયંકર રૂવાળાનો ટેકરો ને ભાગોળ ખાવા ધાય
જોઇ જોઇ સઉ નીસાસા મુકે મુખે બોલે હાય હાય અ૦
બાત્રીસે અંકોએ બોલ્યું ને અન લુટાયુ તેત્રીસ
ઓગણચાલીસે રેલ મોટી આવી પીસતાલીસે પડાવી ચીસ અ૦
પીસતાલીસે બીગાડ બહુનો ઘર બોલ ઘાલુ ધરણુ
દુનીયાનું દુઃખ નથી દેખાતુ મતુરના ભાગ્યા ચરણુ અ૦

મુંબઈના શેઠોને સાબાસી આપુ કરશા પુનના કામ
જમીનના ઘર બાંધવામાંટે આપવા અડધાં દામ આ૦
ભયંકર ભારે રેલ આવીતી સુરતમાંરે અપાર;
મુંબઈના શેઠીઆ સઉમળીયા સર્વો કરયાતા વીચાર આ૦
તેમ આગની વખતે સરવે મળીને કરયા રૂડા વીચાર;
ધનજે એમની બુધીને જે કરતા પર ઉપકાર આ૦
ફંદની ઈયાદી ફેરી સભામાં, હુસ આતીસે અપાર;
કોઈએ હજાર પંદરસે ભરીયા, કોઈએ બેબે હજાર આ૦
પારસી, ભાટીઆ, ખોજાને પારેખ, દીલનાં જે ઉદાર;
રકમો રૂડી ભારે ભરતા, ઉતમ મદદ અપાર આ૦
સેઠ દીનસાજી પીટી પોતે, ધરમના કામમાં ધાય;
સેઠ નસરવાનજી માણેકજી પીટી હોરમસજી કેવાય આ૦
વરજીવનદાસ નરોતમ નરમળ, મોટા માધવદાસ;
વદરાવનદાસ પુરશોતમ પોતે, હેતે ઘણું ઉલાસ આ૦
સેઠ કાવસજી દીનસાજી મોટા, તાજા તાપીદાસ;
નસરવાનજી નવરોજી માહાલે, પ્રસીધ પોતે પાસ આ૦
નારણદાસ રાજારામની કુપની, તેના સારે કરે વીખાણ;
ઠકરસી મુળજીની કુપની મોટી, જેણે રાખ્યું પોતાનું માન આ૦
સેઠ વદરાવનદાસ પુરશોતમદાસ, બીજા ઘણા જે જન;
જેકીસનદાસ મુળજી મોટા, જેરામ નારાયન આ૦
અસલ ઓલખીતા આપણા હોપ સાહેબે, મદદ દીધી આવાર
સુરતની આફત જાણીને, રૂપીયા આપ્યા દોઢ હજાર આ૦

ભારી આફતમાં આવેલા, એમને બચાવ્યા સઉના લોક;
પર ઉપકાર પરમારથ, ધન્ય ધન્ય મુંબાઈના લોક અ૦
શેઠીઆ ની સઉ સભા મળીને, નાણાં આપીશે અપાર;
તેમન હુન્નરે નવરો બત્રીસ, તરત થયા તઈઆર અ૦
ઝવેરીલાલ ઊમીયાશંકર આવ્યા સુણવાની બાની હામ.
હરપ્રસાદ નીકળી આવ્યા ભીમભાઈ કીરપારામ અ૦
સરકારી વકીલ કંતારામભાઈ કરજો રઈયતનાં કામ
પર ઉપગાર પ્રીતથી કરજો ગાજે જગતમા નામ અ૦
હવે સુરતના શેઠીઆ બતાવું નીચે લખું તેના નામ
ગરીબ ગુરબાની મેહેનત બહુ કરી જેણે બાંધી હૈયે હામ અ૦
મીર જાફરઅલીખાન કહાવે મીર ગુલામબાબા કહેવાય
શેઠ [illegible] મેહેનત બહુ કરતા લાવી હઈઆમા દયા અ૦
બહીસાહેબે શાબાસી કરી બહુ આણી મનમાં મેહેર
શેઠ દુવારકાંદાસજ મોટા જે કરતા સુખની પેર અ૦
જગજીવનદાસ જુગ જુગ જીવો વળી જીવો મુકનરાવભાઈ
આગ વખત મેહેનતો કરીછે દયા લાવી મનમાંહી અ૦
કોઈને લાતો ગડદા પાટુ મુકી કંઈ થયા કસુર [illegible]
એવી રીતે અભિમાના કોપ્યા બહુ નીરવાણ અ૦
ગરીબના ઇશ્વરછો બેલી શોહરી કરસો સુખ
વારે વારે આવું દુઃખ ન દેસો દુર કરોને દુઃખ અ૦
હુન્નવાડી મેવાડો બ્રાહ્મણ રહું સુરત સેહેરમાં ઝાર
મહીધર પગની ધીઆસેરીમાં રહીએ તેણી ઠાર અ૦
ઉપજ પ્રમાણે નીપજ કીધી જોવાજોગા બેત

કેટલીએક કપાઆ કરીએ કઇ કરીએ જાદુનાં ખેલ અ૦
કરી જનને કરગરને કર્યાનો મીંકરદાસ
જાદુ પ્રકાસની જુગતી જાણું ગુણ ગાય બાપાલાલ વ્યાસ આ૦
આગે જે રોજ વાળ્યો તે ગાયુ, સાંભળતાં પોહોચે કોડ
ખુશી થકી વ્યાસ બાપાલાલ કહે બોલો જે જે શ્રી રણછોડ અ૦

ગરબી.

રાગ પરજની સાખી.

જુવો જુવોરે સુરતના લોક અગ્નિએ જુલમ કરીઆ
એને મુકાવી કંઇને પોક દેખીને સઉ ડરીઆ

સાખી.

આગેતો હલાવીઉ હલાવ્યું સુરત સહેર
બાવન વરસે બાળીને જેને વરતાવ્યો કાળોકેર અગ્નિ

સાખી.

કાટપીટીઆનો માટ કહાડીઓ ને લીધી સામી ઓળ
દુકાળપોળની દશામાડી, ત્યાં સઉ કરતાં ખોળા ખોળ અગ્નિ

સાખી.

તનખા તેના ઉડીયા તે ગયા ખુપેનાવાડ
ત્યાં પાછુ શળગી ઉઠીયું કોઇ કહે બાઇ બાળ કાઢ અગ્નિ

સાખી.

ગરીબની ત્યાં વસ્તી ઘણી મુસલમાનની સાર
બચકા લઇને બાંધતા ચાલે આંખે આંસુની ધાર અગ્નિ

સાખી.

બીસોછે ત્યાં ચોગણી રડતા નાના બાળ

વરસાદ મુશી જાયછે પાણી પડે પેટમાં હાય અગ્નિ.

સાખી.

અગ્નિવાંબાણી નીસરયોને ચાલ્યો હુમ બજાર,
નાકુ દાલીઆ સેરીનુ પકડ્યા ચાલ્યે છે હારોહાર અગ્નિ.

સાખી.

કનસારા સઉ કળકળે કોણુકેની કરે ત્યાં વાર,
રંગ્રેજનેતો રોળી કર્યા કરવા બાંધીને તારોતાર અગ્નિ.

સાખી.

દાળીઆ સેરીને નાકે નાતી કેવળરાંમ હોશીઆર,
નવુ પર બન્યાં બહુ એક બંબો રાખ્યો તઈયાર અગ્નિ.

સાખી.

પાણી પ્રેમે પુરૂં પાડીયું બંબાનું તો બહુ,
ક્ષીર પેથી ગાગરો ભરી સેરીમાંથી આવેછે સહુ અગ્નિ.

સાખી.

હવે પ્રગલોકવાલાની પોળે આંડવાજાછે ખાસ,
ત્યાં પાણી બહુ લાવ્યા જેણી ભુધ્ધીને સાબાશ અગ્નિ.

સાખી.

ત્યાં આવી જબરજસ્તખાંએ અપી રઈયતને ધીર,
આ ભીંતો તપે ઘણી તમે છાંટો ઘણેરાં નીર અગ્નિ.

સાખી.

હવે ઇશ્વર ને કરગરૂં ને આણી મનમાં ભાવ,
દુઃખ આવુ ન દીજીએ પાછો ઠેકાણે તુ લાવ અગ્નિ.

સાખી.

મગ્નમન મેળી પ્રભુ શ્રીહરી કરશે સુખ

રંક જનુને કરણા કરી હરી નવ દેશે કાંઇ દુઃખ અનિ

સાખી.

નવાડી મેળાડો ખલણ હું, કરીનો ડીંકરહામ

જાદુ કપટના મુકતી જાણું ગુણગાએ બાપાલાલ વ્યાસ અનિ

ગરબી.

ગીરધારીરે વાત કરું તે વચારો—એ રાગ.

સુણો સજનરે લાગી સુરતમાં લાહે, લોક આકુળ વ્યાકુળ થાએ,

કોઇ રઇયતરે મનમાંહે મુઝાએ, કોણ કોણની વારે ધાએ ટેક.

ઝુલ.

દુઃખ પડ્યુ લોકોને ભારીરે, ઘણા રુવે નરને નારીરે,

કઇ માબાપને પોકારીરે, કોઇ રડતાં રે આંખેથી આંસુ જાએ

લાગી લાગી સરતમાં લાહે. ૧

બંબાવાળારે બુઝાતે બહુ ધાડે. લાવે પાણી કઇક બગાડે.

કઇ લોકોરે માલ પોતાના કાડે, બાંધી ગાંસડા ભુંઇ પછાડે.

ઝુલ.

ભાગ્યા કજેગીવાળારે, આગ કરી રહી બહુ ચાલારે,

ઘણા લાલ પડી ગયા કાળારે, લોક નાઠસીરે જાએ ચારે દીસાએ

લાગી લાગી સુરતમાં લાહે ૨

વાગે રણસીંગારે રઇયતને ગભરાવે, પાપો વાળાને પાણી લાવે,

માણસોકરેટરી મેહેનત કરે તેના કાજે, આગ્યાં ક્યાં જઇને બુજાવે

ઝુલ.

ઝટપાટીઆનો ફડાકો કાટરે, વાળ્યા સાફ બજારમાં દાટરે,
લીધા કંસારા ફેરા હાટરે, [illegible] બેલીરે તાંહાથી તે પથપળાએ
લાગી લાગી સુરતમાં લાહે ૩

મોધી લેંકોનારે જવાલાગ્યા માલ, ગામવાળાનો વાળ્યો ઘાણ,
છાપડીઆરે ફરે [illegible] [illegible], ગાડાવાળાને મડીયુ માન.

[illegible]

એમ ઉથલપાથલ [illegible] [illegible] [illegible] [illegible]
આ આગ નથી [illegible], [illegible] જનનારે થરથર કંપે કાએ.
[illegible] લાગી સુરતમાં લાહે ૪

પોલીસનારે મદતે બહુ [illegible] આગ નથી [illegible] [illegible]
[illegible]સપીતાલરે [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

[illegible]

માંચી લોકોના બાળ્યા [illegible], [illegible] [illegible],
મીઓ[illegible]નને કરયા [illegible], [illegible] [illegible] [illegible] [illegible]એ.
લાગી [illegible] સુરતમાં લાહે. ૫

બાણુ વર્હોનારે ખાધી હેને માના, [illegible] [illegible] [illegible] [illegible],
રાનુ વર્હદે કાઢ્યા આંખોના [illegible], [illegible] [illegible]માં [illegible]

ગુલ.

ઘણી મીલકતો બાળી નાંખીરે, [illegible] [illegible] જુવો [illegible]
ગરીબગુરબાની દયા નાં રાખીરે કઇ અનનારે કુદરતે રાળાએ
લાગી લાગી સુરતમાં લાહે ૬

ગુણવંતારે ગવરનરે ઘાલી હામ, આવ્યા કરવા રહયતનાં કામ,
મીસ્ટરડટરે બતાવે ઠામોઠામ, નાસ પામેલી જગીયા તમામ,

ઝુલ.

જોઈ ગવરનર કરે વીચારરે દુઃખ દીન લોકોને અપારરે,
મારે કરવી એમની વારરે, મુજ વીનારે કોની એમને છાંએ
લાગી લાગી સુરતમાં લાહે. ૭

પ્રભુ મારારે દુનીઆની વારે ચડજે અલ્પ જીવનું રક્ષણ કરજો
આવીનંતીરે વ્યાસની હૃદે ધરજો, સહુ જનના સંકટ હરજો,

ઝુલ.

પ્રભુ ધાન તમારહુ ધરૂરે, સદા સ્તુતી તમારી કરૂરે,
તારા આસરા તલે ફરૂરે, વ્યાસ બાપાલાલ લાગે તમને પાએ
લાગી લાગી સુરતમાં લાહે. ૮

છંદ રાગ લલીત.

અરર ઓઅરે કોપ શો થયો, ગરીબ જણનો ધાણતો ગયો.
દીનસા તણી દુકાન માંહેતો. અરર ઓઅરે લાગીલાહેતો.
દલાલ લોકની દુકાનનો ધણી. અરર લાહેતો ગઈ તે બણી
મદીરા પાનનો ભોગતો લઈ તરપત થઈ કરી બજારમાં ગઈ
પંચોળીં લોકની હારતો બળે, જન જેઈ કહે શી હવે વળે.
ખંભા પાપને પાણી ન મળે. તે થકી ખરો બજારતો બળે.
અરર ઓ નરો આતે સું થયું, સુરતસહેરનું નાકતો ગયું.
અગ્નિ દેવતો આ થકી વળી, રૂવાળે ટેકરે ઝટ જઈ મળી.
રૂવાળા ટેકરે ઘર બાળ્યાઘણાં કપાળીઆ તણી નવ રહીમણા.
પૈડા બગરીઓ લુટાણે અતી, અરર દૈવરે આશી થઈ ગતી.
સુખડીયા લોકની શું કહું વલે. બ્રાહ્મણીઆ દુકાન ભભકે બળે.
રણછોડ બાપડો દુઃખીઓ થઓ. માલ તેહનો ઝટ બળી ગઓ.
ચાપાસાવાળા નરમ થઈ બઆ, લુચ્ચા લોકને નહી મળે દયા.

સામી ઓળતો આળમાં બળે, પગતાગીઆ કહે શી હવે વલે.
ચુનીલાલને દુઃખ મન વસે, શેઠજી માહેરી દલાલની જશે.
સરબંધ તણા ભોગતો મલ્યા, અત્તરો ઘણા આગમાં બળ્યા.
ભાટીઆ તણું દુધ પી કરી, પારશી શેરીમા આગતો ફરી.
ઘાંચી ઓરીનો ઘાણ વાળીયો, કંઇક રંકને દુર તાળીયો.
દાદા દેરતો મળવા ગયા, રામુ વઇદને પ્રણામતો કહ્યા.
ધોળીઓ પરે મેહેરતોકરી, અગ્નિદેવીતો આહીં થકી ફરી.
વરજદાસનુ મકાનતો બળે, જોઇ તેહને દીલ કલકલે.
ગોળવાળે ચકલે ઝટતો ગયા, દુકાળ પોળમાં આવીને રહ્યા.
દુકાળ પોળમાં દકાળતો પડયો કહાનદાસનો ઘાટ બહુ ઘડયો.
સુરત જોસીનું ઓટુતો થયું, વાસુ વીનાનુ ઘર બળીગયું.
અગ્નિ દેવનો કોપ બહુ થયો, બંબ પાણીનો છાંટોના રહયો.
ઓ પ્રભુ સદા દુઃખતો હરો; વ્યાસની વાણી દીલમાં ધરો.
વ્યાસ બાપાલાલ ગુણતો ગાયે, લલી લલી પ્રભુ લાગેછે પાયે.

ગરબી.

(કહાના બંસી બજાઇ મને બીસરીરે, એ રાહ.)

સુરત શેહેરમાંતે આગે હદ વાળીઓરે,
હાંરે મોટ મોટાનું ને નાગાં કુટે તાળીઓરે ટેક.
હાંરે સંવત ઓગણી પીસતાલીની સાલમાંરે,
હાંરે અધીતર માસ સુદ છઠ સની વારમાંરે,
હાંરે કોપ થઇ બેઠોછે કંઇ કારમોરે સુરત ૧
હાંરે કાટપીટીઆ દીનશાની દુકાન બળેરે,
હાંરે પાણી બંબા વાળાતાં નવ મળેરે.
હાંરે પોકાર પાડેને સઉ ત્યાં કલકળેરે સુરત૦ ૨

હાંરે તાપ સકતને અગ્નિ બે મળ્યારે,
હાંરે વાયુદેવ આવીને અંદર ભળ્યારે,
હાંરે કાટપીઠીઆતે સરવે બળ્યારે. સુરત૦ ૩
હાંરે ત્યાર પછી અગ્નિ ત્યાંથી ચાલીઓરે,
હાંરે આવી ભાગેળ વચ્ચે માહાલીઓરે,
હાંરે હાર બે બાજુની ઝાલીઓરે. સુરત૦ ૪
હાંરે ભાગેળ ઉપરને ભભકા બાળેરે,
હાંરે શારા શેહેરનાંતે લાકો તાં મળેરે,
હાંરે પાણી વિનાતે ત્યાં સઉ ટળવળેરે શુરત૦ ૫
હાંરે કંઇક માલ કાઢતાંતે નવ ચુકતાંરે,
હાંરે કાઢી રસ્તાની ઉપર મુકતાંરે,
હાંરે રણ રણસીંગા વાલા બહુ ફુકતાંરે. શુરત૦ ૬
હાંરે દેવા તંબોલીની દુકાન બળી જાયછેરે,
હાંરે રાજા ભજીયાવાળો અકળાયછેરે,
હાંરે કંઇ દુકાનોનો માલ લુટાયછેરે. સુરત૦ ૭
હાંરે સામી બાજુએ સાકવાલા ઘણારે,
હાંરે દલાલ ચુનીલાલ મકન તણારે,
હાંરે દફતર બળીગયાંછે હેમનારે. સુરત૦ ૮
હાંરે નાથાસાની દુકાન લગી આવીયુરે,
હાંરે ત્યાંતો બંબાવાલાનું નહી ફાવીયુરે,
હાંરે લાવો પાણી કંટરાકટરને કાહાવીયુરે સુરત૦ ૯
હાંરે ગાંચી આતમાતેરામ હલકા થયારે,
હાંરે ઘરબાર દુકાનો સઉ બળી ગયારે,

હાંરે આવી આફતોનાં દુઃખો બહુ સહ્યારે સુરત૦ ૧૦
હાંરે રેવડીવાળીતે જોને શેલાઈ ગઈરે,
હાંરે એતો આગ જોવાને નવ રહીરે,
હાંરે ખીમો પંચોલી ઘેર મળે નહીરે. સુરત૦ ૧૧
હાંરે શોભાગઇ સુખડીયા સાથનીરે,
હાંરે મોકાણ મંડાઈ કાટપીટીયાનાં કાટનીરે,
હાંરે ગીરધર ઘાણી લુગાવેછે ભાતનીરે સુરત૦ ૧૨
હાંરે આગના તનખા ચોગરદમ જાયછેરે,
હાંરે લોક જોઇ જોઈ ગભરાયછેરે
હાંરે તેમ આગ ઘણી ફેલાયછેરે. સુરત૦ ૧૩
હાંરે બીજુ બુઘેલા વાડમાં જાગીયુરે,
હાંરે તાતો પાણી પાણી સઉએ માંગીયુરે
હાંરે બીજી વારનુ રણશીગું વાગીયુરે સુરત ૧૪
હાંરે મુસલમાનોતે માનતા બહુ કરેરે,
હાંરે તાના ગાડી ઘોડા સઉ ભાડે ફરેરે,
હાંરે એતો પઇસા લઇને સામા લડેરે સુરત૦ ૧૫
હાંરે ફણી વાલો મમદ કહેવાયછેરે,
હાંરે લોકો નીતે ફણી બળી જાયછેરે,
હાંરે દારૂવાલાની આતસ બાજી થાયછેરે સુરત૦ ૧૬
હાંરે કંસારા કાપડીયા છે ઘણારે,
હાંરે તેનાં માલ કાઢવામાં નહી મણારે,
હાંરે તેની દુકાન ઉપર ઘણાં જનારે સુરત૦ ૧૭

હાંરે તીભુભાઈ એતે તાળુ મારીયુરે,
હાંરે આમ નહી આવે એવું ધારીયુરે
હાંરે હારી હારીને પાછુ ઉધાડીયુરે સુરત૦ ૧૮
હાંરે કાપડીઆ લોકો તે બહુ કલક્લેરે,
હાંરે આગ જોવાને લોકો બહુ મળેરે,
હાંરે અઠાવાલાની દુકાનો સઉ બલેરે. સુરત૦ ૧૯
હાંરે સામી હારનું તે હું શું કહુરે.
હાંરે કાપડીઆતે બળે બહુરે,
હાંરે ભગાસંકરનુ કાંઈ નવ રહ્યુરે. સુરત ૨૦
હાંરે આતો મજુરી પાકવાની વેઠછેરે,
હાંરે રૂપચંદશા બજારનાં શેઠછેરે,
હાંરે મેધા કરમચંદની હેઠછેરે સુરત૦ ૨૧
હાંરે ધન ધન મોતીરાંમની હામનેરે
હાંરે પઇસા ખરચ્યાં રઇયતનાં કામનેરે,
હાંરે વધારયું ફેવલ નંદાના નામરે સુર૦ ૨૨
હાંરે હવે ઈશ્વરની પાશે માગું એટલુરે,
હાંરે દુઃખ દુનીઆને દેશો કેટલુરે
હાંરે ગાયુ બાપુલાલે જોયું તેટલુરે સુરત૦ ૨૩

ગરબી.

(સઈયર સીદને વળાવી મને સાસરેજો—રાગ.
આજે જુલમ કર્યોછે સુરત શેહેરમાંજો,
કોપ કારમો કર્યોછે કેરમાંજો—ટેક.

ચઈતર સુદ છઠ શનીવારમોજો,
શુકર બુધને મંગળ બારમોજો આ૦
માછલીપીઠમો તબેલો પેલો બાળીયોજો,
અગ્નિ ત્રણવાગે ભાગોળ વચ્ચે મહાલીઓજો આ૦ ૨
દીઠાં ભડકાને પોલીસ સહુ આવીઓજો,
બંબા પીપ પાણીનાં બહુ લાવીઓજો આ૦ ૩
છાંટો છાંટો પાણી એમ ભાખતાજો,
પણ આગમાતા જરા નવ સાંખતાજો આ૦ ૪
કાટપીટીઆ દીનશાને ત્યાંથી લાગીયુંજો,
પછે ભાગોળનું નશીબ જાગીયુંજો આ૦ ૫
પાસે મધુપાન પીધુ પ્રેમથીજો,
બાળવા માંડ્યું નજર નહી રહેમથીજો આ૦ ૬
સામી ઓળ ઝટ સટપટ ઝાળીઓજો,
કંઈક નારી તે માલ લઈ ચાલીઓજો આ૦ ૭
પડે પાણીને છમકાર થાયછેજો,
તેમાં ઝાળ ઉપર ઝાળ ચાલી જાયછેજો આ૦ ૮
ચોગરદમ આગમાતા મહાલ્યા ઘણાજો
આવ્યા ભાગોળને ખાધાં નેસ્તીનાં ચણાજો આ૦ ૯
આવ્યો પવન તે જોર ઝાઝુ કરીજો,
ત્યારે આગમાતા ચોગરદમ બહુ ફરીજો આ૦ ૧૦
ઘર મુકી જીવ બચાવા બહુ જાયછેજો,
તેમ તેમ આગ પુકળ એમની થાયછેજો આ૦ ૧૧

ઘણા છાપરા છજ્જા તે બળી ગયાંજો,
કંઈના લાકડા બલ્યાને કુરા રહયાંજો આ૦ ૧૨
તાજા કરાવેલા તપો તપ ફુટીઆંજો,
ગોળી ઘડા ફટોફટ ફુટીઆંજો આ૦ ૧૩
કંઈની ઇમારતો હવેલી ઊંચી અડીજો,
અંદર બળી એટલે લાંબી ભીત પડીજો આ૦ ૧૪
કંઈનાં વાંસનાં બાંધેલા બળી ગયાંજો,
ગરીબ રંકના હવાલ ખોટાં થયાંજો આ૦ ૧૫
રાંધ્યાં અંનજન કોઈ જમે નહીંજો,
રખે બળતું આવશે આપણું અહીંજો આ૦ ૧૬
જીવ ટાલવે સઉ કોના ટલટલેજો,
બાળક બુઢ્ઢા બીચારા વલવલેજો આ૦ ૧૭
બજાર બધું સારૂં રોળી નાંખીયુંજો,
હરીપરામાં કોઇનું નવ સાંખીયુંજો આ૦ ૧૮
ફુર કારમોને લીમડાચોક ચાલીઓજો,
આખા બજારમોતે અગ્નિ મહાલીયોજો આ૦ ૧૯
વાણીઆ વેપારી લોકોતે ઘણા વલવલેજો,
કરમે કાટલા રહ્યાંતે કલકલેજો, આ૦ ૨૦
ગાયકવાડીમાં મારચાંતાં જેવા ચાડીઆજો.
તેવાં સઉને મારી આગે કહાડીઆજો આ૦ ૨૧
સાણા સેક્રેટરીને હું સું કહુંજો,

મંછારામ ઘેલાભાઈની મેહેનત બહુજો આ૦ ૨૨
રૂડા અમલદારો મેહેનતો બહુ કરેજો,
રૂડી રઈયતોને સારૂ ફરતા ફરેજો આ૦ ૨૩
કોઈ અધિકારી કોઈ ફેરે ફાલતુંજો,
પણ આગ આગળ નથી ચાલતુંજો આ૦ ૨૪
ગાંધી ગાંચીનાં તે ઘાણ ઘાણા વાલીઆજો,
કંઈક જાણુનતો દુનીયામાંથીજો ટાળીઆં આ૦ ૨૫
હવે ઈશ્વરની પાસે માગું એટલુંજો,
સુખદેજો દુઃખ દીધું હોય તેટલુંજો આ૦ ૨૬
ગરબો ગાજો સીખજો સઉ ભાવથીજો,
વ્યાસે કીધો બુધ્ધીનાં બનાવથીજો આ૦ ૨૭
સુણ્યા સાંભળાથી દુઃખ દુર થાયછેજો
વ્યાસ બાપુતે લાલ ગુણ ગાયછેજો આ૦ ૨૮

છપ્પો

સુરત જેવું શેહેર લેહેર લંકાના જેવી;
હવેલીઓ ઓળાઓળ, તરતીએ સોભે તેહેવી;
લાખીણા સુરતના લોક, સોક જોઈ તેના સમીયા;
પુરીને દુધપાક, લાડુ લાપેણા જમીયા,
શોભા હેવી સુરત તણી શૈકો જોઈ વીસ્મય થાયછે;
વ્યાસ બાપાલાલ કહે બુદ્ધી થકી ગુણ સઉ હેના ગાયછે.

રાગ ગરબી.

નર ચતુરસજાન પરનારીસુ મીત કબુનવ કીજીએ. એ રાગ.

ક્હારે જુવો સુરતમાં હુનાળે અગ્નીનુ જોર બહુ ભારી.
ક્હારે આજે જુલમ થયો ગરીગરબાની વાત જરાન વીચારી ટેક
ક્હારે દીનસાજીની દુકાન સલગી તાંથી સામી ઓળે જઈ વળગી
એ નથી થાતી જરા અળગી જુવો૦ ૧
પારશી પીઠાવાલાને પકડા, બહુ ગાધીઓના માલ બગડા
સાથે પંચોળી લોકને રગડા જુવો૦ ૨
સુખડીઆ લોક સુરા કહાવે, કાહાડે માલજે હાથમાં આવે
છોકરો બરફીની લુટાવે જુવો૦ ૩
પસ્તાગીયાને પકડી લીધા, મમરા શેવો વાલા બાધા,
માળી ચાલા ફુલછાબ લેઈસીધા. જુવો૦ ૪
સરઈયા સપાટે ચાલા, સીસાઓ ટોપલામાં ઘાલા
ગોલ વાલાનાં માટલા બહુબાલા જુવો૦ ૫
કનસારા લોકો ફગ કળીયા, કાપડીયા તાકા લઇ પડીયા,
ગાધી કહે ભોગ આપણા મળીયા. જુવો૦ ૬
કાગડી કહે આશોકોપ થયો, બજાર સરવેતો બળી ગયો,
કોઈ બાપડો કોરો નવ રહયો જુવો૦ ૭
ઘાંચી લોકની બાળી ઘાણી, તેલ દીવેલ થયાછે ધુલ ધાણી,
એમ ચાર દીસા ફરેછે મનમાની જુવો૦ ૮
જન જીવથી કઈક ગયારે મરી, આગે દાદા દેરાની જાત્રા કરી.
રામુ વઈદના ગરથી પાછી ફરી જુવો૦ ૯
કહુ હરીપરાની દસા માઠી, ફરે કુદડી ચોગરદમ નાઠી.

એતો અમલદારોને નવ ગાંઠી જુવો૦ ૧૦
ઘણા અમલદારો ઘભરાતા, કોઈ માલ લેઈ દોડી જાતા,
કઈ મારે ગયા કોપીમાતા જુવો૦ ૧૧
ગુલાબચંદના કાગલ નવ રહ્યા, ફુલચંદ કહે સા કોપ થયા,
વ્રજદાસનાં ઘરબાર બળી ગયાં જુવો૦ ૧૨
આગે હરીપરામાં હદ્દ બાળી, કઈ ટાંકા કુવા થયા ખાલી,
મોટી ઈમારતો બહુની બાળી જુવો૦ ૧૩
કાસકી વાડનો લીધો કટકો દબગડવાડને માર્યો ફટકો,
ઘણા અમલદારો કરતાં લટકો જુવો૦ ૧૪
હરીભાઈ બહુ ફરતાં ફરે પાંણી વાસ્તે મેહેનત ઘણી કરે,
આગ દુસમન થઈ રઈયત મરે જુવો૦ ૧૫
ગાંધીલોકનાં રાઈ મેથી તડતડતાં, બળે ઘરનળીઆ બહુ ખડખડતા
પીપ બંબા સારૂ મેમબર લડતા જુવો૦ ૧૬
એમ આગમાતાતો બાહુ ફ ળી, મધુપાનપીને થઈ મતબાળી,
ગરીબ તવંગરને કીધા ખાલી જુવો૦ ૧૭
તમો સાંભળજો નાહાના મોટા, કપાસીયાવાલાને આવ્યા ટોટા,
કંઈક જનને લેવરાવ્યા દોરીલોટા જુવો૦ ૧૮
હવે દુઃખ પ્રભુ તમે નવદેસો પાછળ વાગે કમેટીની ઠેશો,
વ્યાસની વાણી રદ લેશો જુવો૦ ૧૯
એમ ગુણવાસ બાપુલાલ ગાયે, હવે ઈસવર તમે કરજો સાયે,
અવે દયા કરજો સાંતી થાય જુવો૦ ૨૦

છપ્પો.

ધન્ય માત ને તાત, પુન્ય ઉપર છે પ્રીતી;
ધન્ય માત ને તાત, રૂડી જેની છે રીતી;
ધન્ય માત ને તાત, સદાવ્રત સારા આપ્યાં;
ધન્ય માત ને તાત; દુખ ગરીબના કાપ્યાં
કરે કામ કંઈ કોટીધા; દુખ વેઠી બહુ દેહને;
ગુલાબભાઈ જીવો ઘણું હું આશિષ દઉં છું એહને.

ભેખરે ઊતારો રાજા ભરથરી એ રાહ

અગની માતાએ અણઘટ કર્યુ, બાળ્યુ સુરત સેહેરજી
દુનીઆને દુઃખ દીધુ ઘણુ, કરયો કાળો આ કેરજી અગની.
સનત ઓગણીસ પીસતાળીસે, સુદ ચઈતર માસજી,
તારીખ છઠીએ છટકીયા, કરયો ઘરોનો નાસજી આગ૦ ૧
દીનસાની દુકાને લાગીયુ, બાળયો કાટ અપારજી,
અરેરે આતે સુ થસે, પાંણી પાંણી પોકારજી આગ૦ ૨
બાગોળે ભડકા ભલા, દીઠા પોલીસે સારજી,
રણસીગા રણ વાગીયા, આવ્યા બંબા તઈઆરજી આગ૦ ૩
પીપ પાણીના ઝટ સટ દેઈ, આવે અપરમપારજી,
લંકા જેવું રે લાગી રહયુ ચાલે પાણીના મારજી આગ૦ ૪
સાગ સીસમ બળે ઘણા, લાગે સુદર બેરજી,
આગને પાણી અડકે નહી, કઈક વરસનુ વેરજી આગ૦ ૫
મધુપાન પીધુ પ્રેમથી, તારે આવ્યુછે જોરજી,

પતનને તેડી લાવીયા, નવ જાણ્યો અંકોરજી અગ૦ ૬
પછે સામીઓળ પકડી લીધી, ચાલે ઝાળપર ઝાળજી,
સઉકો જોઈ વીસમે થાયછે, આણ્યુ ઘરનો બહુ કાળજી ૭
બગડી વાડમાં ભુમો બહુ, રવે નરને નારજી,
હાય હાય આતે સુથયુ, લાગે બહુ ભયંકારજી અગ૦૮
એમ ચારે દીસાએ અગ્નિ ચાલીઓ, બાળ્યો બધો બજારજી,
પંચોળી પકડયા પસ્તાગીઆ, ગાંધી કર્યાં તારોતારજી અગ૦૯
નેસતીને નરમ પાડીઆ, સુખડીઆનો સઉ સાથજી,
ચોકસીને ચોકસ કર્યાં, ઘડયો લુવારનો ઘાટજી અગ૦ ૧૦
કનસારા કલકલે ઘણું, કાપડીઆ કહે કોપજી,
ઝાઝો જુલમ એમ અગ્નિનો, ટાંકાથયાકઈ અલોપજી અગ૦૧૧
ગાંચીનો ઘાણ વાળયો ઘણો, બાળયા તલ દીવેલજી,
કોઈને કહેવા જેવુ નથી રાખીયું, જુવોઈસવરનો ખેલજી અગ૦૧૨
માતા મહાદેવ મુકયા નહી, નમુ કાહુ નમાનજી,
આગે એમ હલાવીયુ, ગયા કંઇકનાં ભાનજી અગ૦ ૧૩
કોઈ કોઈ નીવાર મળે નહી, જાહા જુવેતા લાયજી,
કઈ ઘરબાર મુકી જાયછે, જયા જેનાથી જવાયજી અગ૦ ૧૪
આમ ભયાનક થઈ રહયા, શુરતના જનજી,
બેમી ભયાનક થઈ પડી નવ પામયા કઈ અનજી અગ૦ ૧૫
એમબરો મેહનતો બહુ કરે, બાંધી કમર કસજી,
કોઈ કોઈની હદા ગણે નહી, લેવા ઝાજેરો જસજી અગ૦ ૧૬

ધન ફોજદાર નાહાનાભાઇને, લે રઈયતની તપાસજી,
હઈયામાં ઓછું આવે ઘણું, જોઈ થાય નીરાસજી અગ૦ ૧૭
કંઈકજણ રડતાં જાયછે, આવે હઇયામાં કાળજી,
બચકા બગલમાં ઘાલીયા, કઇને કહેછે બાળજી અગ૦ ૧૮
ઘોર ભયાનક થઈ રહ્યું, સુરતનો દેખાવજી,
નારી કહેછે કંથને, છોકરાનો હાથ સાવજી અગ૦ ૧૯
કંઈક કહેછે બાપે બાલક લઈ, ચાલીજાયછે નારજી,
અરેરે પ્રભુ આ શું કરે, આંખે આંસુની ધારજી અગ૦ ૨૦
દુઃખ અમલદાર દેખીને, રઈયતનું અપારજી,
કંઈકિખંબા આગમાં રહીગયા, કરયા વરોદરે તારજી, અગ૦ ૨૧
ખબર પડીછે દીનસાજીને, સેક્રેટરી તાં છેયજી
પાટી ગેરીસનની મોકલી, સાથે બંબા બેયજી અગ૦ ૨૨
બારવાગે રાતે ઉતરા, લોક દીઠા સ્ટેસનજી,
તે જોઈ વીસમે પામીયા, દલગીર થયા તેના મનજી અગ૦ ૨૩
તેમને પણ મદત સારી કરી, કરયા મજાના કામજી,
ધનછે અમલદારને, રૂડી ચલાવે હામજી આગ૦ ૨૪
ધન નેકી આ રાજને, સદા રહોરે અખંડજી,
ફરગરી કરો સરકારને, કહાડજો આગની જડજી અગ૦ ૨૫
ઈસવરને હવે કરગરૂ, હાવુ નવ દેસો દુઃખજી,
હું રંક ઉપર કરૂણા કરી, સદા પમાડો સુખજી આગ૦ ૨૬
હુ તરવાડી મેવાડો બ્રામણ કની જનનો દાસજી,
જાદુ કપટની જુગતી કરૂ, કહે બાપુલાલ વ્યાસજી આગ૦ ૨૭

મારૂં સોનાનું છે બેહેડું રે છેલ છબીલા છોગાલા એ રાગ.

સઉ સાંભળો સજન વાણીરે, રાજસભાનાં ધનલોકો
કલેકટરે દયા બહુ આણીરે,—રાજ
સાણાં સેકરેટરીને બોલાવ્યારે,—રાજ
નનુંમીયાતાં આવ્યારે, —રાજ
તમે ધરમનું કામ ચલાવોરે, —રાજ
મેમ્બરને આ મંત્રણ કરાવોરે, —રાજ
જેને વાત હઈએ ધરાવીરે, —રાજ
સઉ સાહુકાર કમેટી બોલાવીરે —રાજ
સરવે સભા ભરીને બેઠારે, —રાજ
રઇયતની ચીતાંમાં પેઠારે, —રાજ
જસવંતા જગજીવનદાસરે, —રાજ
આવ્યા દાદાભાઈ તેની પાસરે,—રાજ
આપણે કરો પુનના કામરે, —રાજ
આવે રઈયતને હામરે, —રાજ
કરો મદત સરવે પાકીરે, —રાજ
નવ રાખતું કંઈ બાકીરે, —રાજ
બોલા કલેકટરતે વારરે, —રાજ
નામદાર ગાયકવાડ સરકારરે, —રાજ
આવ્યા રૂપીઆ પાંચ હજારરે,—રાજ
નામદાર નવાનગરનાં જામરે, —રાજ
એક હજાર આપ્યા આ હામરે,—રાજ ૨
ઠાકોરસાહેબ ગોંડલના કહેવાયરે,—રાજ

આપ્યા હજાર રૂપીઆ આહેરે,—રાજ
સેઠ સોરાબજી દલાલરે, —રાજ
આપા પાનસે આણી વાહાલરે,—રાજ
મીસ્તર એર્ડન્સ કલેક્ટર ભરૂચનારે,—રાજ
સો આપા સાંભળી સુચનારે,—રાજ
આતો દેસાવરના સહુરે, —રાજ
હવે અત્રેની મદત કહુરે, —રાજ
કમીસ્નર સાહેબ કહેવાયરે, —રાજ
બસે આપ્યા લાવી દયાયરે, —રાજ
મીર ગુલામબાબા ખાનબાદુરરે,—રાજ
બસે લખી આપ્યા હજુરરે,—રાજ
સો આપ્યા સઈયદ જુનરે, —રાજ
પોલીસ સુપરીટેનડેંરે, —રાજ
સેઠ એદલજી પાલનજી લાલકાકારે,—રાજ
કોઇને બોલ ન કહેવા વાંકારે, —રાજ
જગજીવનદાસે જસ લીધારે, —રાજ
જેને ગરીબોના કામ બહુ કીધારે,—રાજ
સેઠ હેદરઅલી કાસમજીરે, —રાજ
સરજન નરીમાનજીરે, —રાજ
દેસાઈ હરરાય સારારે, —રાજ
સેઠ બેચરભાઈ ગણેસવાળારે, —રાજ
શેઠ મુકનરાય મણીરાયરે, —રાજ
જેને રઈયતની ઘણી દયાયરે, —રાજ

સેઠ મનચેરજી દાદી શેઠરે, —રાજ
બરજોરજી વકીલ સમેતરે, —રાજ
મીસ્તર બેરેટકલમ સાઈરે, —રાજ
સાથે ડાકટર હોસાભાઈરે, —રાજ
જરવીસનો જસ જાણજોરે, —રાજ
મી. મંચેરજી કોલા પ્રમાણોરે, —રાજ
કુવરજી સબાવાળા સુરારે, —રાજ
આદરજી પુન વાતમાં પુરારે, —રાજ
દાદાભાઈ જેલર સારરે, —રાજ
કાસાભાઈ વકીલ નીરધારરે, —રાજ
સેકરેટરીએ કલમ સાઈરે, —રાજ
જોડે મંછારામ ઘેલાભાઈરે, —રાજ
છે દીનસાજી દાકટરરે; —રાજ
પોલીસ ઈજનેરરે, —રાજ
શેઠ દુવારકાદાસ લલુભાઈરે. —રાજ
ઈશવરદાસે હા કહયું તાંહીરે, —રાજ
દોલતરામ સમપતરાંમરે, —રાજ
નાનાભાઈ કરતા રઈયતના કામરે,—રાજ
ગુલાબદાસ પરસોતમરે, —રાજ
ભાનુશંકરની બુધી અગમરે, —રાજ
થાકોરભાઈ ચકાવાળારે, —રાજ
ફેજુલ્લાભાઈ મુછાળારે, —રાજ
મોસફઅલી કાદરરે, —રાજ
સાથે બેરામજી દાકટરરે, —રાજ

ગુલાબદાસ વકીલ કેવાયરે, —રાજ
ફુંદનાથજી વારે ધાયરે, —રાજ
દારાસાજીને ધન ધનરે, —રાજ
જગનનાથના નિરમળ મનરે, —રાજ
રૂડા વકીલ ડાહ્યાભાઈરે, —રાજ
કામ કરતા સઉ ધાઈધાઇરે, —રાજ
સઉ લાવતા હઇયે દયાયરે, —રાજ
વ્યાસ બાપાલાલ ગુણગાયરે, —રાજ

ગરબી.

(રશીયા મને જાવાદીજે—રાગ.)

જુવો આગના લક્ષણ ખોટા, કંઇને લેવડાવ્યા દોરીલોટા ટેક.
એણે કેર કીધો બહુ કારમો, બજારને મંગળ બારમો,
ઘણા જાણને આવ્યા ટોટા—જુ. ૧
આગ દીનસાને ત્યાંથી લાગી, હાંરે રંકજને ભીખોમાંગી,
કંઇને વળાવ્યા લંગોટા—જુ. ૨
ભાગોળે ભભકા બળતાં, હાંરે જનજોઇને કકળતાં,
જોવા આવેછે નાના મોટા—જુ. ૩
લાવો લાવોને ભાઇ પાણી, અહીં થઇ જાયેછે ધુળાધાણી,
બળે ઘર ફુટે પાણીપર પોટા—જુ. ૪
જુવો કાટપીટીઆ અહીંઅડીયાં, એ દુસમનથઇ ને નડીયાં,
ઘર બળેછે મોટાં છોટાં—જુ. ૫
હાંરે હવે શરીરેવલે થવાની, બાઇ મારી ચોળી બળીજવાની,
નીકળે અગ્નિનાં ગોટે ગોટાં—જુ. ૬
હાંરે આગ ચોગરદમતો જાયે, હાંરે મારી થર થર કંપે કાયે,

બળે લાંબા વાંસનાં સોટાં—જુ. ૭
માળીકોર કહે જીવકોરને આપ, ઘેર નથી કીકાનો બાપ,
હારે એ ક્યાં જઈને તે ચોંટયા—જુ. ૮
બેન જોને છોકરું રડે, તીજોરીની કુંચી ન જડે,
પાછા છોકરાં માહરાં રોતાં—જુ. ૯
બાઈ માલ મુકી કેમ જવાશે, કાટપીટીઆની આ લાશે,
એ ઘણા કરતાં તાં કોટાં—જુ. ૧૦
આ બેન બળશે મારી સાડી, કાટપીટીએ મોકાંણ માડી,
બળશે કંઠના ધોતીજોટાં હાં.—જુ. ૧૧

[જીવકોર કહેછે.]

જીવકોર કહે કંઠ તારા આવે,બગલમાં બાથી કંઈ લાવેરે-ટેક.
નાર બોલીશ હમણાં કાંઈ, કશી વાતજ પુછીશ નાહીં,
નીકર તને એ દબાવે—જી. ૧
જો એના મનમાંછે ઉતપાત, એને કહીપતો મારશે લાત,
બાંધજે ગાંસડી તને ફાવે—જી. ૨
આબેન થાશે ગોવિંદજીનું ગમતુ, ચીતનવરાખીશ કાંઇભમતુ
ઝટ કરજે તું તો હાવે—જી. ૩

(પુરૂષને નારી કહેછે)

નારીએ કંઠ દીઠાને રોતી, પડે આંસું જેવા મોતીરે ટેક.
મારાં વાહલા તમે ક્યાં ગયા, આવેલા ક્યાં બેશી રહ્યા,
હુંતો વાટ તમારી જોતી—ના. ૧

હાંરે મને પડતી રુટકાલે ફાળ, ઘણા ઘરનો થાયછે કાળ,
હવે નવ થાવું જરા ખોટી ના.—૨.

હાંરે બાંધ્યા ગાંસડા સટપટ, નીકળ્યારે ઘરમાંથી તે ઝટ,
આંખે આંસુ જાએ લોહોતી ના.—૩.

હવે દામોદર દયા રાખો, હાંરે ગીરીવર ધારી કંઇ સાંખો,
નવ મારની આવી રોટી ના.—૪

હાંરે વ્યાસ બાપાલાલ ગુણ ગાયે પ્રભુ લાગે તમને પાયે,
ફરી નાખીઆ સઉની ગોટી ના—૫

આગગાડી વીશે કટાવ છંદ.

રચયતને રૂડે ભાવી, ધન્ય આગની ગાડી આવી, ટેક.
આગનગાડી ન જાય આડી, આરા પારાતો બોલે ઝાડી,
બુધવંતીને બાર પઇડાં, વચ્ચે બુંગળું તેમાં ધુમાડો,
ઉડે આડો સળગે ઝાડો, મોટા પાઢામાં ફડફડતી,
સડસડ સડતી, ફટ ફટ ફટ કરતી ધરાધર ધરતી, ધમધમ ધમતી
શીશુટાની બોલે વાણી, અક્ષયા લોકને લાવે તાણી
જુગતી જાણી ભરતા પાણી ઘાણી પંજન ધરે નાડી જાએ,
દાડતે ઘોડે. ચાલે જોડે નહી પકડાએ,
લીલી ધજાઓ સામે ચડે મોટી મહગળ જેવી મહાલે
લાલ ધજાએ ધરે ઉભી રાખે, અનુજ ભાળે જ્યાં સ્ટેસન

બહુ બારીઓ પંહેલી બીજી બેસે રીજી.
ટીકટ લેતાં જવાબ દેતાં, હુકમ લેતાં ખડ ખડ ખડ ખડ ખડ ખડ
ધીનીકીટી ધીનીકીટી ધમ ધમાટ શડ શડાટ સરરરર,
રરરર એ શોભા જોઇ
કવી ઈછારામ મન ભાવી ધન્ય આગની ગાડી આવી. ૧

છપ્પો.

ધન્ય ધન્ય સુરત આ સહેર, સેર સઉ કીની કરતા,
કરે મસારથ કામ, હામ હઈડામાં ધરતાં,
કરે ભોજન નહાના ભાત, જાત તોડેછે ઝાઝી,
જેના સદા જીવ આણંદ, રાખતા સહુને રાજી,
તેમ ખાવે પીવે ખરચવે, ચતુરાઈ ચલાવેછે સહુ,
વ્યસા બાપાલાલ કહે ખુશીથી, જેનું આગ આગળ ચાલે નહીં.

કવિત.

લાગી, અતિ મોટી આગ, છાંટવાનો નો'તો લાગ,
બળીયા તેથી કઈભાગ હુતા જે સોહામણા,
ઓકુસીઓ અતિ મોટા, બની ગયા છેક છોટા,
જોઈ દ્રવ્ય કેરા ટોટા, થઇ ગયા દામણા,
ભાગળની બે મોળ, પારસી સેરીની પોળ,
ચઢી ખાધો ખુબ ગોળ, આગેતો આનંદમાં,
આગ ઓલવવા માટે, રસીઓતો નાંખી ટાંકે,

પાંણી લોક ખુબ છાંટે હામ ધરી મનમાં,
તેલને દીવેલ ઘણા, કપાસની નહી માણા,
નેસ્તીઓ ફેરા ચાણાં, બળયા ખુબ આગથી,
જોઈ એને સર્વ લોકો, મેલે છુટે મોડે પોકો,
વ્યાસ કહે મોટો ધોકો, લાગ્યોછે દુર ભાગ્યથી,

જાદુ કપટ પ્રકાસ.

ભાગ ત્રણ આ ચોપડી બનાવનાર વ્યાસ બાપાલાલ ઇછાશંકરની પાસેથી મહીધરપરાની ગીયાશેરીમાંથી રોકડી કીંમતે મલસે તથા શુરત નાણાવટમાં મનચેરજી જમસેદજી પોસવાળાને તાંથી મલશે.



જાહેર ખબર.

આ ચોપડી મુળ માલીક રા. જેઠારામ વાલચંદભાઈની ચુકી રોકાન ર૬ર.

શ્રીયાસ ગૌકળદાસ ઉભારાડ રે અમદાવાદ ખાડીયામ મુરારભાઈની પોળ. તથા મનકેશર હમુદાસ પોશવાળાને ત્યાંથી મળશે.

માસિક અવશ્ય ચોપાનીયું પ્રકે ચાર આના.

'સુરત મિત્રાભદ્ર' છાપખાનું મેજ. ગે. પોસવાળા નાણુંવટ.

